10 DEC 2019

10688

ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૧૧૭૪/મ.૩
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૪૯
E-Mail:- so-m3-agri@gujarat.gov.in
તા.- ૦૨/૧૨/૨૦૧૯

પ્રતિ,

1. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
2. મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3. ખેતી નિયામકશ્રીં, કૃષિભવન, સેક્ટર ૧૦, ગાંધીનગર
4. પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર ૧૦, ગાંધીનગર
5. બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર ૧૦, ગાંધીનગર
6. ખાંડ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
8. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. રાજ્ય જમીન વિકાસ નિગમ,બલરામ ભવન, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
9. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. બીજ નિગમ, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
10. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો-હાઉસ,સેટેલાઇટ,અમદાવાદ
11. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. એગ્રો ઈન્ડસ્ટ્રીઝકોર્પોરેશન, ગાંધીનગર
12. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ.વેર હાઉસિંગ કોર્પોરેશન, ગાંધીનગર
13. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિ. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
14. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. કૃષિ બજાર બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
15. કુલસચિવશ્રી, આણંદ/નવસારી/જૂનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી / કામધેનૂ યુનિવર્સિટી
20. સભ્ય સચિવશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર
21. સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર
22. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, સહકારી બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
23. મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, કૃષિભવન, પાલડી, અમદાવાદ

વિષય:- The Rights of Persons with Disabilities Act-2016 હેઠળ દિવ્યાંગો માટે જાહેર મકાનોમાં સુગમ્યતા ઉભી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય સંદર્ભેના અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના પત્ર ક્રમાંક : અપગ/૧૦૨૦૧૯/૫૮૪૫૦૯/છ-૧ની

Legal

નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે ઉક્ત પત્રની વિગતો ધ્યાને લઇને The Rights of Persons with Disabilities Act-2016 હેઠળ આપના ખાતા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી હસ્તક તમામ જાહેર મકાનો સુગમ્ય બનાવવા માટે આવનાર વર્ષ-૨૦૨૦-૨૧ના બજેટમાં જરૂરી જોગવાઇઓ કરાવવા બાબતે તથા પત્રમાં સુચવેલ અન્ય બાબતો અન્વયે સમયમર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(એમ. કિરણચંદ્ર)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ – ઉપર મુજબ

-/-

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/ ૫૭૨ /૨૦૧૯
તા.૧૧/૧૨/૨૦૧૯

નકલ રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.

આ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ/બહારના કેન્દ્રો તરફ આ સાથે સામેલ સરકારશ્રીના પત્રો ધ્યાને લેવા વિનંતી.

મનોજ અગ્રવાલ I.A.S.
અગ્રસચિવ

ક્રમાંક :-બ્અપ૧/૧૦૨૦૧૯/૫૮૪૫૦૯/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : ૨૬/૧૧/૨૦૧૯

વિષય:- The Right of Persons With Disabilities Act,2016 હેઠળ દિવ્યાંગો માટે જાહેર મકાનોમાં સુગમ્યતા ઉભી કરવા બાબત.

સ્નેહીશ્રી,

"સુગમ્ય ભારત અભિયાન" નો શુભારંભ માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા "આંતરરાષ્ટ્રીય વિકલાંગજન" દિવસ તા. ૦૩/૧૨/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત સાર્વજનિક મકાનો, માર્ગ/વાહન પરિવહન અને સૂચના/ સંદેશાવ્યવહારને ખૂબ જ વ્યાપક રીતે સુગમ્ય બનાવવાનું અત્યંત મહત્વપૂર્ણ લક્ષ્ય છે. The Rights of Persons with Disabilities Act-2016ની કલમ-૪૫ મુજબ જુની તમામ જાહેર ઇમારતોને વધુમાં વધુ પાંચ વર્ષની સમય મર્યાદામાં રીટ્રોફીટીંગ કરવાની જોગવાઇ છે. નવી ઇમારતોના પ્લાન (નકશા) મંજુરી સમયે The Right of Persons with Disabilities Act-2016ની કલમ-૪૦ અને ૪૪ મુજબ ઇમારતોને સુગમ્યતાના માપદંડ અનુસાર તૈયાર કરવાના પ્લાન (નકશા) રજુ કરેલ હોય તો જ તેને મંજુર કરી શકાય.

તમામ જાહેર મકાનો દિવ્યાંગ વ્યક્તિઓ મુક્ત રીતે વિહાર કરી શકે તે રીતે બનાવવા સારૂ શહેરી વિકાસ મંત્રાલયની Harmonised guideline-2016 માર્ગદર્શિકાને ધ્યાને રાખી જાહેર મકાનોમાં સુગમ્યતા આઉટડોર અને ઈન્ડોર એમ બધી જ જગ્યાએ કરવાની થાય છે.

જાહેર મકાનોના આઉટડોર વિભાગમાં નીચે મુજબની વિશેષતાઓનો સમાવેશ કરવાનો હોય છે (૧) પ્રવેશથી લઈને ક્ષેત્રની બહાર નિકળવા સુધીનો રસ્તો (૨) પ્રવેશ નજીક આરક્ષિત પાર્કીંગ (૩) બિલ્ડીંગના પ્રવેશ બહાર રેમ્પ વગેરે,

જાહેર મકાનોના ઈન્ડોર વિભાગમાં નીચે મુજબની વિશેષતાઓનો સમાવેશ કરવાનો હોય છે ૧.સુગમ્ય પરસાળ, ૨.સુગમ્ય રીસેપ્શન, ૩.લીફ્ટ્સ, ૪.સુગમ્ય સંડાસ/બાથરૂમની વ્યવસ્થા, ૫.હેન્ડરેઈલ્સ સાથે સીડી, ૬.શ્રાવ્ય અને દ્રશ્ય સંકેતો, ૭.સુગમ્ય પાણી પીવાની વ્યવસ્થા, ૮.ટેક્ટાઈલ ફ્લોરિંગ અને ૯.ડ્યુરેબલ હેન્ડરેઈલીંગ્સ વગેરે.

ઉક્ત વ્યવસ્થાઓ ભારત સરકારના MINISTER OF URBAN DEVELOPMENT દ્વારા બહાર પડાયેલ 'Harmonised Guidelines and Space Standards for Barrier-Free Built

NO. 2999
DT. 27/11/19

ફોન : (ઓફિસ) ૯૧-૭૯-૨૩૨ ૫૧૨૦૩, ૨૩૨ ૫૧૨૦૧, ફેક્સ : ૨૩૨ ૫૪૮૧૭, ઈમેઈલ : secswd@gujarat.gov.in

Environment for persons with Disability and Elderly Persons' ગાઇડ લાઇનની જોગવાઇઓને ધ્યાને રાખી તમામ જાહેર મકાનોમાં આ સુવિધાઓ પુરી પાડવાની હોય છે,

માન. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૪.૦૫.૨૦૧૯ના રોજ બ્લોક નં.૧/૪ કમિટી રૂમમાં The Right of Persons With Disabilities Act,2016માં વિવિધ વિભાગના કાર્યોની સમીક્ષા બેઠક યોજાયેલ હતી. જેમાં પણ સરકાર હસ્તકના અને તેમના તાબાની જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાની તમામ કચેરીઓના જાહેર મકાનો દિવ્યાંગો માટે સુગમ્ય બનાવવા ઉપર ભાર મુકવામાં આવેલ હતો,

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈને The Right of Persons With Disabilities Act,2016 હેઠળ આપના વિભાગ હસ્તકના તમામ જાહેર મકાનો સુગમ્ય બનાવવા માટે આવનાર વર્ષ-૨૦૨૦-૨૧ના બજેટમાં જરૂરી બજેટ જોગવાઇઓ કરાવશો તો હું આપનો આભારી થઇશ.

(મનોજ અગ્રવાલ)

પ્રતિ,
શ્રી પૂનમચંદ પરમાર
અધિક મુખ્ય સચિવશ્રી,
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગુજરાત સરકાર